ભોળાનાથ મહાદેવની
દીવ્ય સ્તુતી

———( )———

રચી પ્રસિદ્ધ કરનાર,

જોશી જયરામ રવજી ભાગલીઆ.
કચ્છ-માંડવીવાળા

ઠે૦ ધરમસીંહ ભવાનજી ઉનવાલાના
માળામા કાંદાવાડી—મુબઈ

આવૃત્તિ ૩ જી પ્રત ૨૦૦૦
સંવત ૧૯૭૧ (સર્વ હક સ્વાધીન) શને ૧૯૧૫

કીંમત ૩ પાઇ.

રતિલાલ હરજીવન પટેલે શ્રી કૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસમા છાપ્યું.
નં. ૯, અનંતવાડી, મુંબઈ. ૨.

અર્પણ પત્રિકા



શ્રી મહાદેવજીના ચર્ણમાં.

દર્શન વખતે બોલવાની સ્તુતી.

કવાલી ૧.

ગિરિજા ના પતી પ્યારા, ત્રિશુલધર શ્રી ત્રીપૂરારી;
તમો કૈલાશના વાસી, અમલમા અર્જ લ્યો મારી. ટેક૦
બધિ લીલા તમારી છે, પ્રતાપી નામ ભારી છે,
અજબ ગુણ છે રહ્યું એમા, સુખ સર્વત્ર દેનારી. ગિરિજા૦
સુકંઠે રૂદ્રની માલા, વસનશુભ સર્પ મૃગ છાલા,
ગજાનનના પીતા કહાવો, સદાશીવ છો સુખાકારી ગિરિજા૦
કમલ પ્રિય છે બહુ તમને, સુખી કરતા રહો અમને;
દયાળુ છો તમો સ્વામી, કૃપાની છે બલીહારી ગિરિજા૦
ગરલ કંઠે રહ્યા ધારી, મુકુટ શિર ગંગનું વારી;
જપી જયરામ લે તેને, મટે સૌ ફંદ આ ભારી ગિરિજા૦

માહાદેવજીની યોગ્યતા.

ભુજંગી છંદ ૨

ભોળાનાથ શંભુ, માહાદેવ મોટા,
બીજા દેવ એથી, ગણુ છેક છોટા.
દયાળુ શિવની, સમ છે ન કોઇ,
જપી તેમને પાપ, સૌ નાખ ધોઇ
જુવો રાવણાદી, અસુરો જ પાપી,
ભોળાનાથથી, ગા થયા છે પ્રતાપી

જલ શુદ્ધનો, જે ચડાવેજ લોટો;
પછી માગશે, જો કદી પુત્ર જોટો.
ભોળાનાથને, આપતાં વાર કેવી;
જરા તો જુવો, તેમને નીત્ય સેવી.
ઘણાં ચદનોથી, પ્રભુને વિરામ;
રચી છદ જયરામ, કહે છે તમામ.

મહાદેવજીની આરતી.

ખ્યાલ ૩.

ખુશી થકી સૌ ગાઓ જગતમાં, આરતીઓ શિવશંકરની;
એ છે ભોળાનાથ દિગંબર, વ્યથા હરે છે ભિતરની.
કોઈ ચડાવે બીલ પુષ્પને, કોઇ ચડાવે છે વારી;
અક્ષત ચંદન ધુપ દિપની, ધરી રહ્યા કરમાં થારી
ઘૃતના દીવા અગરબત્તીઓ, સુગંધ ભપકી રહી ભારી;
હર હર શીવ શીવ જપી નામને, પય પુજા કરતાં પ્યારી.
ઘીની પુજા સોમવારની, શ્રાવણમાંજ બનાવે છે;
બોનારાઓના મનમાં, આનંદ અતીશય આવે છે.
ભષ્મ અંગપર શ્વેત બિરાજે, કઠે પંચમુખી માલા;
અર્ધચદ્ર ત્રીપુંડ્ર લલાટે, પવિત્ર આસન મૃગ છાલા.
ડાકણ શાકણ અને વૈતરી, કુષ્માંડોનો પાર નહિ;
ભાગ.નકો ભૈરવની સ ખ્યા, મુખે થકી નવ જાય કહી.

ડિમિક ડિમિક ડમરૂં વાજે છે, શીગડીઓના શબ્દ ઘણાં;
ભોળાનાથ માહાદેવતણાં, તે ચરિત્રમાં શી હોય મણાં.
પારીજાતક પુષ્પ ધતુરો, ભાંગ અતીશય પ્યારી;
પ્રસન્ન ચીત્ત પ્રભુનું દીઠું, મળી જતાં શીતલ વારી.
ખુશબખ્તીના ખ્યાલ રચી, જયરામ કવી સંભળાવે છે;
બાબુલનાથ તણાં મંદિરમાં, શંકરનેજ મનાવે છે

ભોળાનાથની પ્રસંશા.

લાવણી ૪.

શિવશંકર ભોળાનાથ, જગત પ્રખ્યાત આપની કરણી;
હું અલ્પ જીવ શુ કહુ, મુખેથી વરણી.
છો આપ ત્રિભુવન પતિ, મહેશ્વર જાતે,
સેવક પુજન સો કરે, મહા શિવરાત્રે.
નિજ ઉપાસના કરનાર, હશે જન કોઇ;
હાલત દુખની મેં કદી, કયાંય નવ જોઇ.
ધન ઘડી અને, ધનભાગ્ય તેના કહેવાશે;
શંકર શકર કહિ હૃદય વિષે હરખાશે.
શીવ બે અક્ષરનુ નામ, પાપને ટાળે;
અંતરજામી કરી કૃપા, પરમપદ આલે.
નીજ કથા શ્રવણ કરનાર, મુક્તિને પામે;
નિશ્ચય કરીને અહિં, લખી કહ્યુ જયરામે.

કૈલાસ વર્ણન.

કવાલી ૫.

શિવ કૈલાસ વાશીનું, ભજન કરતું અરે પ્રાણી,
એથી પામીશ તું સર્વે, કહું છું વાત આ છાની. ટેક૦
વિટપ વેલા અને વાડી, અતિ આનંદ મય ઝાડી;
કરિ પક્ષિ રહ્યા શબ્દો, મણાં તેમાં વળી શાની શિવ૦
મયુરો મસ્ત થઇને જયાં, અખાળાઓ કરે છે ત્યા,
રહિ છે કોકીલા ગાજી, મધુર સ્વરથી વદી વાણી. શિવ૦
વિવિધ હંસો તણી કરણી, મુખેથી શું કહુ વરણી;
સોનાની ચાંચથી ચરતાં, વૃત્તિ એમાંજ રોકાણી. શિવ૦
રહ્યાં છે પાર્વતિ સંગે, ધરિ આભુષણો અંગે,
ઔરાજીને રહ્યા ખોળે, ઘણી ખુબીજ છે ત્યાંની શિવ૦
પ્રસાદિ ભાગની લેજો, ચિલમ ગાજા તણી પીજો;
બધુ એ યોગીને શોભે, નકી જયરામ લે માની. શિવ૦

ભકતોને ભલામણ.

કયા તન જતન બચાના—એ રાગ ૬

શંકર સદાય લેહેરી, સ્નેહે થકી સ્મરિલો૦
એ દેવ મહા સમર્થ, ભોળો છતા પવિત્ર કહિને ગયા વડીલો સ્નેહે૦
શરણે થવુ જ સારૂ, મન સાથમેં વિચાર્યું કઇછે નએ હડીલો સ્નેહે૦

વિશ્નુ વિરંચી આદી, સેવેકહી પીતાજી, મુદ્દલનથીજ મેલો-સ્નેહ૦
વેદો રહ્યા વખાણી, શક્તિ પ્રબલ સમાણી.
જયરામ કહે જને સૌ, સ્નેહે થકી સ્મરિલો.

મહાદેવજીને સરણુ થવા વિષે.

કવાલી ૭.

સકલ જંજાલ ને છોડી, સદા શીવની શરણુ થઇ જા;
મનોહર છે ક્રિયા જેની, પ્રગટ તુ ધ્યાન ધરતો જા ટેક૦
જટિલ જોગી ભયંકરની, અગર જો થઇ દયા તેની;
પીડા રહેશે પછી કયાથી, જરા મનમા સમજતો જા.—સકલ૦
નથી પહોચી શકયો તેને, મદન જેવો અરી જેને;
પ્રતાપી નામ છે જેનું નમન કરતો સદા તું જા—સકલ૦
પીશાચી વર્ગની છાયા, ગણો એની બધી માયા;
વિનાશે છે શીવ કહેતા, દર્શન તેના તુ કરતો જા.—સકલ૦
જગત કારણુ તમો સ્વામી, કહે જયરામ શિરનામી.
દમન કરતા રહો દુ:ખનુ, અખિલ બ્રહ્માંડના રાજા—સકલ૦

સમાપ્ત.

૫૭૨૧

ઘરાકોને સુચના.

અમારા દરેક પુસ્તકો કે જે દેશ દેશાવર ગુજ કાઠીયાવાડ તેમજ કચ્છ પ્રાંત વિગેરેમાં ઘેરેઘેર વચાંઈ છે, તે પૈકી હાલમાં તૈયાર છે તેની વિગત.

	રૂ અ
સગીત ભગવદ્ગીતા	૦–
જમાનાનો જલસો	૦–
કિર્તન ચદ્રોદય	૦–
દિલખુશ કવાલીસંગ્રહ	૦–૮–૭
ઉસ્તાદી કાવ્ય કુંજબિહારી	૦–૧–૦
સ્રી ભૂષણ ગરબાવળી	૦–૦–૬
ભોળાનાથ મહાદેવની સ્તુતી	૦–૦–૩

બહાર ગામના ઘરાકોએ અમારે સરનામે પત્ર લખી મોકલવાથી દરેક પુસ્તકો વિ. પી. મારફતે ટપાલમાં મોકલી આપશું ટપાલ ખરચ મગાવનાર ધણી ઉપર.

કવિ ભાગલીયા કચ્છમાંડવીવાલા

ઠે૦ ધરમસીં ભવાનજી ઉનવાલાના માળામાં,

ઠાકોરવાડી—મુંબઇ.